પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૦ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૮, શનિવાર ; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કાશ્મીરમાં હાઈ એલર્ટ : આત્મઘાતી હુમલાની આશંકા

જમ્મૂ કશ્મીર લિબરેશન ફ્રંટના સંસ્થાપક મકબૂલ ભટની વરસી પર અલગાવવાદીઓ તરફથી બંધનું એલાન કરવામાં આવ્યું છે. આ એલાન બાદ કશ્મીર ઘાટીમાં તણાવ છે. કશ્મીરમાં અલગાવવાદીઓ તરફથી બંધનું એલાન કર્યા બાદ સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. સાથે જ શ્રીનગરના ડાઉન ટાઉન વિસ્તારમાં જમ્મૂ કશ્મીર પોલીસ અને CRPFના જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. જમ્મૂ કશ્મીરમાં આતંકી મકબૂલ ભટ્ટ અને અફઝલ ગુરૂની વસરી પર આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. ખુફીયા એજન્સીઓએ આતંકી હુમલા પહેલા એલર્ટ જાહેર કર્યુ છે.

શેરબજારમાં વધુ એક કડાકો

સેંસેક્સ ૪૦૭ પોઇન્ટ ઘટીને આખરે બંધ : શેરબજાર ખુલતા જ મિનિટોના ગાળામાં ૨.૨૪ લાખ કરોડ ડુબ્યા : મિડકેપ અને સ્મોલકેપમાં પણ ઘટાડો રહ્યો

મુંબઇ,તા. ૯

શેરબજાર આજે અમેરિકી બજારમાં આવેલા ચાર ટકાના ઘટાડા વચ્ચે ફરી એકવાર ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. સવારે ઘટાડા સાથે ખુલ્યા બાદ છેલ્લે સુધી શેરબજારમાં અફડાતફડી રહી હતી. અલબત્ત સત્રના છેલ્લા કલાકોમાં આંશિક સુધારો થયો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૪૦૭ પોઇન્ટ ઘટીને ૩૪૦૦૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૧૨૧ પોઇન્ટ ઘટીને ૧૦૪૫૪ની સપાટીએ રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં પણ નજીવો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૫૦ પેક પર યશ બેંક, ટેક મહિન્દ્રાના શેરમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. ભારતીય સ્ટેટ બેંક, ઇન્ફોસીસ, એચડીએફસી, ઇન્ડિયા બુલ્સ, ભારતીય ઇન્ફ્રા ટેલના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ એચસીએલ ટેક અને સિપ્લાના શેરમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. જુદા જુદા સેક્ટરોમાં અફડાતફડી રહી હતી. નિફ્ટી પ્રાઇવેટ બેંક ઇન્ડેક્સમાં સૌથી વધારે અસર રહી હતી. કુલ ૧૪ શેર પોતાના બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા જેમાં ધનલક્ષ્મી બેંક, ગ્લેનમાર્ક ફાર્મા, મેક્સ ઇન્ડિયાનો સમાવેશ થાય છે. નિફ્ટી ૫૦ ઇન્ડેક્સમાં ૧૨ શેરમાં તેજી અને ૩૮ શેરમાં મંદી રહી હતી જ્યારે બીએસઈમાં ૧૪૨૮ શેરમાં મજબૂતિ અને ૧૩૪૮ શેરમાં નબળાઈ જોવા મળી હતી. હાલમાં સાતમી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ અને નિર્ણયની જાહેરાત કરવામાં આવ હતી. જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

નાથુલાના રસ્તે કૈલાસ યાત્રાને ચીનની મંજુરી

નવી દિલ્હી,તા.૯

ચીને કૈલાશ માનસરોવર યાત્રા માટે ભારતીય શ્રદ્ધાળુઓને મોટી રાહત આપી દીધી છે. ચીન સરકારે અંતે ભારતીય શ્રદ્ધાળુઓને નાથુલા માર્ગ મારફતે યાત્રા કરવાની મંજુરી આપી દીધી છે. ચીને ડોકલામમાં સરહદી પ્રશ્ને ભારત સાથે વિસ્ફોટક સ્થિતી સર્જાઇ ગયા બાદ ગયા વર્ષે જુન મહિનામાં નાથુલા મારફતે કૈલાશ માનસરોવરની યાત્રા પર પ્રતિબંધ મુકી દીધો હતો. કૈલાશ માનસોરવર યાત્રા આ માર્ગ મારફતે આગળ નહી વધશે તેવી વાત કરીને ચીને ચર્ચા જગાવી હતી. જો કે હવે સ્થિતી સામાન્ય બન્યા બાદ આ વર્ષે નાથુલા માર્ગ મારફતે કૈલાશ યાત્રાને મંજુરી આપી દીધી છે.

રાષ્ટ્રપતિ ભવનમાં વિપક્ષી નેતાઓ - જસ્ટીસ લોયા મૃત્યુ કેસ મામલે વિરોધ પક્ષના ૧૧૪ સંસદસભ્યોનું પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મળ્યું હતું.... કેસના સંદર્ભે વિવિધ પાસાઓની વિસ્તૃત છણાવટ કરી હતી. કોંગ્રેસના અગ્રણી કપિલ સિબ્બલ, ગુલામનબી આઝાદ અને આનંદ શર્મા જેવા વરિષ્ઠ આગેવાનોએ મિડિયાને સંબોધન કર્યું હતું...

બેસણું

અમારા પૂજ્ય ભાઈશ્રી / પિતાશ્રી **શ્રી પ્રવિણચંદ્ર પોપટલાલ ત્રિવેદી** તા. ૯/૨/૨૦૧૮ના રોજ દેવલોક પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૧/૨/૨૦૧૮ના રોજ રવિવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :
પ્લોટ નં. ૪૩૭/૧,
સેક્ટર-૬-એ, ગાંધીનગર

લિ.
શ્રી હરીશભાઈ પોપટલાલ ત્રિવેદી
શ્રી જિતેન્દ્ર પ્રવિણચંદ્ર ત્રિવેદી

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **સોમાભાઈ દાનાભાઈ પરમાર** (રીટાયર્ડ-સેક્શન અધિકારી, શ્રમ અને રોજગાર વિભાગ) (પ્રકાશક પેન્શનર સહયોગ, ગાંધીનગર)નું તા. ૭/૨/૨૦૧૮ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૧/૨/૨૦૧૮ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

: સ્થળ :
''અનુરાગ'' ૧૮૮, આનંદનગર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર

ગં. સ્વ. સુનિતાબેન સોમાભાઈ પરમાર

કુંદનલાલ સોમાભાઈ પરમાર (પુત્ર) (B.O.I.) — સરોજબેન કુંદનલાલ પરમાર (પુત્રવધુ)
કૌશિકકુમાર સોમાભાઈ પરમાર (પુત્ર) (O.N.G.C.) — વર્ષાબેન કૌશિકકુમાર પરમાર (પુત્રવધુ)
મહેશકુમાર ઉત્તમલાલ પરમાર (જમાઈ) (R & B) — સંગીતાબેન મહેશકુમાર પરમાર (પુત્રી)

હર્ષ ● દર્શિતા ● ધિરેનકુમાર ● વત્સલ ● રિશિતા ● અખિલ ● ખુશ્બુ

ફર્મ : RIDAK AGRO PVT. Ltd.